### ફાયર બ્રિગેડની ત્વરિત કામગીરીથી આગ પર કાબૂ, મોટી દુર્ઘટના ટળી

## હાલોલના જૂની ભાટમાં આગનો કહેર: પળવારમાં ઘરવખરી ખાખ, પરિવાર પર આફતનો પહાડ

રોકડ રકમ, ઘરેણાં, અનાજ અને ઘરવપરાશનો સામાન બળીને રાખ; લાખોનું નુકસાન



(પ્રતિનિધિ) હાલોલ, તા.8

હાલોલ તાલુકાના જૂની ભાટ ગામમાં એક રહેણાંક મકાનમાં અચાનક લાગેલી આગને કારણે ભારે નુકસાન થયું હોવાની ઘટના સામે આવી છે. તા. 7 જૂન, રવિવારની રાત્રે ગામમા રાઠવા કોચરભાઈ માન્યાભાઈના મકાનમાં અગમ્ય કારણોસર ભીષણ આગ ફાટી નીકળી હતી, જેના કારણે સમગ્ર ઘરવખરી પળવારમાં આગની ઝપેટમાં આવી ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ હાલોલ ફાયર બ્રિગેડને તાત્કાલિક જાણ કરવામાં આવી હતી. કોલ મળતા જ ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી અને આગને વધુ ફેલાતી અટકાવવા માટે પાણીનો સતત મારો ચલાવ્યો હતો. ફાયર ફાઈટરોએ ભારે જહેમત બાદ આગ પર સંપૂર્ણ કાબૂ મેળવ્યો હતો. ફાયર વિભાગની સમયસરની કામગીરીને કારણે આસપાસના અન્ય મકાનો સુધી આગ ફેલાતી અટકી હતી અને મોટી દુર્ઘટના ટળી હતી. આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી. પ્રાથમિક અનુમાન મુજબ શોર્ટ સર્કિટ અથવા અન્ય કોઈ અગમ્ય કારણસર આગ લાગી હોવાનું માનવામાં આવી રહ્યું છે.

જોકે સંબંધિત તંત્ર દ્વારા આગના કારણોની તપાસ હાથ ધરવામાં આવી છે. આ આગની ઘટનામાં મકાનમાં રાખેલી રોકડ રકમ, કિંમતી સોના-ચાંદીના ઘરેણાં, બોરવેલની પાઈપો, ઘરવપરાશનો તમામ સરસામાન તેમજ અનાજ બળીને ખાખ થઈ ગયું હતું. પરિણામે મકાન માલિકને મોટું આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. સદનસીબે આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી.

## અભલોડમાં એક ઈસમ સાથે જૂની અદાવતે મારપીટ કરાયાનો આક્ષેપ

(પ્રતિનિધિ) દાહોદ, તા.8

દાહોદ જિલ્લાના જેસવાડા વિસ્તારમાં રાજકીય અદાવતને લઈને એક ગંભીર ઘટના સામે આવી છે. અભલોડ ગામના મહિલા સરપંચ વિરુદ્ધ વિવિધ અરજીઓ કરનાર મનસુખભાઈ રામાભાઈ ભાભોરના અપહરણ અને મારપીટ કરવામાં આવી હોવાના આક્ષેપો સામે આવ્યા છે. ફરિયાદ મુજબ, મનસુખભાઈ ભાભોરને રાયણ કોસિંગ નજીકથી બળજબરીપૂર્વક ગાડીમાં બેસાડી લઈ જવાયા હતા. ત્યારબાદ તેમને સ્વામિનારાયણ મંદિર નજીક લઈ જઈ લાકડીઓ વડે માર મારવામાં આવ્યો હોવાનો આરોપ છે. હુમલા દરમિયાન જાનથી મારી નાખવાની ધમકી પણ આપવામાં આવી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

### ચાર અજાણી મહિલાઓ તે દાગીના લઈ ફરાર

## ઝાલોદ બસ સ્ટેન્ડ પાસેથી બજારમાં જવા રિક્ષામાં બેઠેલા સોની વેપારી લૂંટાયા

(પ્રતિનિધિ) દાહોદ, તા.8

અમદાવાદ મણીનગર ગોરના કુવા પાસે રહેતા અને ચાંદીના દાગીના વેચવાનો ધંધો કરતા ૬૨ વર્ષીય શિવલાલભાઈ જેઠમલજી સોની ગત તારીખ ૧૮-૩-૨૦૨૬ ના રોજ ચાંદીના દાગીના ભરેલ બેગ લઈ લીમડી આવ્યા હતા. અને લીમડી પોતાનું કામ પતાવી ઝાલોદ જવા માટે તેઓ આરજે ૦૩૫એ-૦૭૨ નંબરની બોલેરો ગાડીમાં બેઠા હતા તે વખતે તેઓની પાછળ ચાર અજાણી મહિલાઓ બેઠી હતી. તે વખતે તે ચાર અજાણી મહિલાઓએ બોલેરો ગાડીના ચાલકની મદદગારીથી સોની વેપારીને લૂંટવાનો પ્લાન બનાવ્યો હતો. સોની વેપારી શિવલાલભાઈ સોની ઝાલોદ બસ સ્ટેન્ડ પર બોલેરો ગાડીમાંથી ઉતર્યા હતા અને ઝાલોદ બસ સ્ટેન્ડ પાસેથી બજારમાં જવા માટે એક રિક્ષામાં બેઠા હતા. તે વખતે તેની પાછળ પાછળ આવેલ ચાર અજાણી મહિલાઓ પણ તે જ રિક્ષામાં શિવલાલભાઈ સોની પાસે જ બેસી ગઈ હતી શિવલાલભાઈ સોનીને ખબર ન પડે તે રીતે તેની નજર ચૂકવી શિવલાલભાઈ સોનીના ખભે ભરવેલ ચાંદીના દાગીના ભરેલ બેગમાંથી ૩૬૦ કુલ વજનની ૧ ડઝન જેટલી ચાંદીની વીટીઓ, ચાંદીની કડી નંગ-૪૩ તથા નાના બાળકોના નજરીયા નંગ-૪૩ મળી કુલ રૂપિયા ૧,૫,૦/-ની કુલ કિંમતના ચાંદીના ઉપરોક્ત દાગીના બેગમાંથી સરકાવી લીધા હતા. આ બાબતની જાણ વેપારી શિવલાલ ભાઈ જેઠમલજી સોનીને ઝાલોદ બજારમાં અન્ય વેપારીને ત્યાં ચાંદીના દાગીના વેચવા માટે બેગ ખોલતા બેગમાં ચાંદીના દાગીના જોવા ન મળતા તેઓને રિક્ષામાં બેઠેલી તે ચાર અજાણી મહિલાઓ તે દાગીના લઈ ફરાર થઈ ગઈ હોવાનું જણાઈ આવ્યું હતું. ત્યાં સુધીમાં તો ઘણું મોડું થઈ ગયું હતું. આ સંબંધે ઘટનાના અઢી માસ બાદ અમદાવાદ મહીનગરના શિવલાલભાઈ જેઠમલજી સોનીએ ઝાલોદ પોલીસ સ્ટેશનમાં ગઈકાલે ફરિયાદ નોંધાવતા પોલીસે આ સંદર્ભે ચાર અજાણી મહિલાઓ તેમજ આરજે ૦૩૫એ-૦૭૨ નંબરની બોલેરો ગાડીના ચાલક વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૩૦૩(૨), ૬૧(૨-એ), ૫૪ મુજબ ચોરીનો ગુનો નોંધી આગળની કાયદવાહી હાથ ધરી તે તમામની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

### ખરીફ પાકોના વાવેતર સમયે બિયારણની ખરીદી કરતી વખતે ખેડૂતોને લવાની કાળજી

## ચોમાસાના આગમનના એંધાણ, ધરતીપુત્રો ખેતીકામમાં જોતરાયા

(પ્રતિનિધિ) દાહોદ, તા.8

રાજ્યના તમામ ખેડૂતોને આગામી ખરીફ ઋતુમાં વાવેતર માટે બિયારણ અને ખાતર ખરીદી કરતી વખતે રાખવાની થતી કાળજી અંગે જણાવવાનું કે, બિયારણ અને ખાતરની ખરીદી માત્ર અધિકૃત લાયસન્સ/પરવાનો ધરાવતી સહકારી મંડળીઓ, સરકારી સંસ્થાઓ અથવા ખાનગી વિક્રેતા પાસેથી જ કરવાનો આગ્રહ રાખવો. કોઈપણ સંજોગોમાં લાયસન્સ/પરવાનો ધરાવતા ન હોય તેવા વ્યક્તિઓ, પેઢીઓ કે ફેરીયાઓ પાસેથી ક્યારેય પણ બિયારણની ખરીદી કરવી નહી. જેથી, છેતરપીંડીથી બચી શકાય.

બિયારણ અને ખાતરની ખરીદી સમયે વેપારી પાસેથી તેનું લાયસન્સ નંબર, પુરુ નામ, સરનામું અને જે બિયારણ અને ખાતર ખરીદેલ હોય તેનું નામ, લોટ નંબર, ઉત્પાદન અને મુદત પૂરી થવાની વિગત દર્શાવતું બીલ સહી સાથે અવશ્ય લેવું. બિયારણ અને ખાતરની થેલી સીલ બંધ છે કે કેમ, તેમજ તેની મુદત પૂરી થઈ ગયેલ નથી તે બાબતે ખાસ ચકાસણી કરવી અને કોઈપણ સંજોગોમાં મુદત પૂરી થયેલ હોય તેવા બિયારણ અને ખાતરની ખરીદી કરવી નહીં.

ખાસ કરીને કપાસ પાકના બિયારણ અને ખાતરની થેલી અથવા પેકેટ કે જેના પર ઉત્પાદકનું નામ, સરનામું અને બિયારણ અને ખાતરના ધારાધોરણો દર્શાવેલ ન હોય તેવા ૪જી અને ૫જી જેવા જુદા જુદા નામે વેચાતા અમાન્ય બિયારણની કોઈપણ સંજોગોમાં ખરીદી કરવી નહીં તેમજ આ પ્રકારના બિયારણ અને ખાતર વેચાતા હોવાનું જો ધ્યાને આવે તો તાત્કાલિક સંબંધિત ખેતીવાડી અધિકારી અથવા જિલ્લાના નાયબ ખેતી નિયામક (વિસ્તરણ) ને તુરંત જાણ કરવી.

વાવણી બાદ ખરીદેલ બિયારણ અને ખાતરનું પેકેટ/ થેલી તેમજ તેનું બીલ પણ સાચવી રાખવુ જરૂરી છે. ભળતા નામે વેચાણ થતું ખાતરની બેગોની ખરીદી કરવી નહિ. ગામડાઓમાં સીધું વેચાણ કરવા આવનાર પાસે પણ ખાતરની ખરીદી કરવી નહિ એવી કાળજી રાખવા ખેડૂતોને વિનતી છે.

### દાહોદના ગમલા ગામે વાહન અકસ્માત

## સાળંગપુર દર્શનાર્થે જતા ભાવિકોની ગાડી પલ્ટી એકનું મોત : ૪ને ઈજા

(પ્રતિનિધિ) દાહોદ, તા.8

સાળંગપુર હનુમાનજી ના દર્શનાર્થે ઈન્દોર થી સ્કોર્પિયો ગાડી લઈ જઈ રહેલા મધ્ય પ્રદેશ ઈન્દોર શહેર ના જુદા જુદા વિસ્તારોમાં રહેતા પાંચ જેટલા વ્યક્તિઓની ગાડીનું પાછળ નુ ટાયર અચાનક ફાટી જતા ગાડી પલ્ટી ખાઈ જતા ઈન્દોર અમદાવાદ હાઈવે ઉપર આવેલ ગમલા ગામે રોડ ઉપર સર્જાયેલ ગમખ્વાર અકસ્માતમાં ગાડીમાં બેઠેલ તમામને ગંભીર ઈજાઓ થતા તમામ ઈજાગ્રસ્તોને સારવાર અર્થે દાહોદના ઝાયડસ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં પાંચ પૈકી એકનું સારવાર દરમ્યાન મોત નીપજ્યું હોવાનું સત્તાવાર રીતે જાણવા મળેલ છે પ્રાપ્ત વિગત અનુસાર ઈન્દોર ના સુમિતભાઈ શ્રીચંદ નાગદેવ પરમ દિવસ તા 6,6,2026 ના રોજ રાત્રે જમી પરવારી તેમના મિત્રો ઈન્દોરના રીતિક રાજા રાણી, મયંક સુરેશ કુમાર પવન દિલીપચંદ લોહની તથા હરીશ ઉર્ફે બાબુ અમલલાલ સચદેવ ને લઈ હરીશ ઉર્ફે બાબુ સચદેવ ની એમપી 09 એ એલ 0007 નંબરની સ્કોર્પિયો ગાડીમા ઈન્દોર થી સારગપુર હનુમાનજી ના દર્શન કરવા માટે નીકળ્યા હતા તે દરિમયાન રસ્તા મા મોડી રાત્રે ઈન્દોર અમદાવાદ હાઈવે ઉપર દાહોદ તાલુકાના ગમલા ગામે રોડ ઉપર અચાનક તેમની સ્કોર્પિયો ગાડીનુ પાછળ નુ ટાયર ફાટતા ગાડી પલટી ખાઈ જતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો જેમાં સ્કોર્પિયો ગાડીમાં બેઠેલા ઉપરોક્ત તમામ ને ગંભીર ઈજાઓ થવા પામી હતી.

### હિન્દુ ધર્મમાં પુરષોત્તમ માસનુ ખુબ જ મહત્વ રહેલુ છે

## હાલોલ ખાતે ભૂદેવ દ્વારા અધિક માસમાં ત્રિદિવસીય ભવ્ય વિષ્ણુયાગ મહાયજ્ઞ યોજાયો



(પ્રતિનિધિ) હાલોલ, તા.8

હાલોલ શહેર ની મધ્ય મા તળાવ પાસે આવેલ શ્રી શારનેસ્વર મહાદેવ મંદિર ના પટાંગણ મા અધિક પુરૂષોત્તમ માસ નિમિત્તે સર્વ ધર્મ હિતાર્થે નગરજનો ની આરોગ્ય,સુખાકારી તેમજ વિશ્વ મા શાંતિ થાય એ માટે ત્રિદિવસીય તારીખ ૦૫/૦૬/૨૬ થી ૦૭/૦૬/૨૬ સુધી વિષ્ણુયાગ મહાયજ્ઞનું ભવ્ય આયોજન આચાર્ય કમલેશ મહારાજની અધ્યક્ષતામા કરવામા આવ્યું હતું.

જેમાં પ્રખર વિદ્વવાન ભૂદેવો ની ટીમ દ્વારા વેદોક્ત અને શાસ્ત્રોક્ત વિધિ થી મહાયજ્ઞની ત્રિદિવસીય પૂજા કરાવતા હાજર જનમેદનીમા ભક્તિમય વાતાવરણ બની ગયું હતું. આ વિષ્ણુયાગ મહાયજ્ઞમા હિન્દુ સનાતન ધર્મના જુદી જુદી જ્ઞાતિ ના દસ જેટલા કપલો એ પૂજા મા બેસી અધિક પુરૂષોત્તમ માસ મા ભગવાન વિષ્ણુના આશીર્વાદ મેળવી ધન્યતા અનુભવી હતી. જેમાં ૦૭/૦૬/૨૬ ના રોજ સાંજે ૫-૦૦ વાગે મહાઆરતી કર્યા બાદ બ્રહ્મ ભોજન સાથે મહાપ્રસાદ નું આયોજન કરવા મા આવેલ હતું. આ મહાયજ્ઞ ને સફળ બનાવવા બ્રહ્મ સમાજ ના ડૉ અર્પિત ઠાકર, પ્રકાશભાઈ પંડ્યા, મહેશભાઈ ભટ્ટ, પ્રજ્ઞેશભાઈ ત્રિવેદી (વાડી)અને સંજયભાઈ કાકા એ આ ભગીરથ કાર્યમાં તન મન ધનથી હાજર રહી આ મહા યજ્ઞને નિર્વિઘ્ને સંપન્ન કરી પૂર્ણ કર્યો હતો.

### દેવગઢબારીયાના ગામડાઓમાં નલ સે જલ યોજના મૃતપાય અવસ્થામાં

## એજન્સીઓ દ્વારા કામગીરી નહીં કરતા પાણી લોકો સુધી ઘરે ઘરે નહીં મળતા લોકોનો પ્રચંડ આક્રોશ

(પ્રતિનિધિ) દેવગઢબારીયા, તા.8

દેવગઢબારીયા તાલુકા ના ગ્રામ્ય વિસ્તાર માં ઘરે ઘરે પીવાનું શુદ્ધ પાણી મળી રહે તે માટે ગુજરાત સરકાર ની નલ સે જલ યોજના ના લાખો નહી પણ કરોડો રુપિયા મંજુર કરવામાં આવ્યા હતા. જે માટે દેવગઢબારીયા તાલુકા માં પણ કેટલીય ખાનગી એજન્સીઓ ઘરે ઘરે પાણી પુરૂ પાડવાની શરત સાથે કામગીરી કરી રહી હતી. પરંતુ આજદિન સુધી હજુ પણ કોઈ ગામમા આ નલ સે જલ યોજના નુ પાણી કોઈના ઘરે પહોંચ્યુ નથી. દેવગઢબારીયા તાલુકા ના દરેક ગામમા પાણી સમિતિ બનાવી સરપંચ તથા તલાટીના સીધા દેખરેખ હેઠળ આ યોજનાનું અમલીકરણ કરવાનું હતુ પરંતુ જિલ્લા પાણીપુરવતા વિભાગ દ્વારા દરેક ગ્રામ પંચાયતોના કામ અલગ અલગ વિસ્તારમાં ખાનગી એજન્સીઓને આપવામાં આવ્યું હતુ અને જવાબદાર પાણીપુરવઠા તંત્રની દેખરેખ નીચે કામ કરવામાં આવતુ હતુ પરંતુ ખાનગી એજન્સીઓ તો ઠીક પણ નજીક કામની શરૂઆત કરીને કોઈને ઘર સુધી નલ સે જલ પહોચ્યું નહી પરંતુ દરેક પંચાયતમાં તલાટી અથવા વહીવટદાર તથા સરપંચ બધા ભેગા મળી આખા ગામે ગામના તમામ ઘરોમા પીવાના શુદ્ધ પાણી પોહચાડી દીધુ છે તેવા ખોટા અભિપ્રાય આપીને ગ્રામપંચાયત માથી નાણાકીય ચેક લાખો રુપિયાના કાપવી દેવામાં આવેલ છે.સરકારી તિજોરી માંથી કરોડો રુપિયા નુ ખાનગી એજન્સી મારફતે નલ સે જલ યોજના માં કામગીરી પુરી નહી કરી નાણા ઉપાડી લીધા છે ને જગ જાહેર છે. દેવગઢબારીયાની મોટાભાગની ગ્રામપંચાયત દ્વારા આ નલ સે જલ યોજનાની કામગીરી નુ કામનું ફૂલીટ સર્ટિફિકેટ આપતા પંચાયતે દરેક ઘરે પાણી ન આવતુ હોવા છતાં પણ દરેક ઘરે પાણી વેરો હાલમાં ગ્રામપંચાયતો વસુલ કરે છે.

### વીજ તંત્ર સામે ભારે આક્રોશ

## ઝેરના મુવાડા ગામમાં કેબલ શોર્ટની સમસ્યાથી ગ્રામજનો પરેશાન



(પ્રતિનિધિ) કાલોલ, તા.8

પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના ઝેરના મુવાડા ગામમાં છેલ્લા કેટલાય દિવસોથી વીજ કેબલમાં શોર્ટ સર્કિટની સમસ્યાને કારણે ગ્રામજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. ગામના અમુક વિસ્તારોમાં પૂરતા વોલ્ટેજ સાથે વીજ પુરવઠો ન મળતા ઘરેલુ તેમજ ખેતીના કાર્યો સંપૂર્ણપણે ખોરવાઈ ગયા છે.

ગ્રામજનોના જણાવ્યા મુજબ, કાલોલ જી.ઈ.બી. (MGVCL) સબ સ્ટેશનમાં ફોન દ્વારા તેમજ અનેક વખત ઓનલાઈન ફરિયાદો નોંધાવવા છતાં તંત્ર દ્વારા કોઈ કાયમી નિરાકરણ લાવવામાં આવ્યું નથી. જવાબદારીમાંથી છટકબારી: જ્યારે પણ ફરિયાદ કરવામાં આવે ત્યારે અધિકારીઓ એકબીજા પર જવાબદારી ઢોળીને કામગીરીમાંથી હાથ ઊંચા કરી લેતા હોવાનો ગંભીર આક્ષેપ સ્થાનિકોએ કર્યો છે.ઓછો વોલ્ટેજ આવવાને કારણે ઘરના ઈલેક્ટ્રોનિક ઉપકરણો યોગ્ય રીતે ચાલતા નથી. આ ભીષણ ગરમીમાં વિદ્યાર્થીઓના અભ્યાસ અને સામાન્ય નાગરિકોના દૈનિક જીવન પર તેની સીધી અને માઠી અસર પડી રહી છે.

### દેવગઢબારીયાના ગામડાઓમાં નલ સે જલ યોજના સુષુપ્ત અવસ્થામાં

## દાહોદ જિલ્લામાં હિટ એન્ડ રનની બે ઘટનામાં બે જણા સ્થળ પર જ કાળનો કોળિયો બન્યા

(પ્રતિનિધિ) દેવગઢબારીયા, તા.8


દાહોદ જિલ્લામાં ગઈ કાલે જ અજ્ઞાત વાહનચાલક અકસ્માતના બે બનાવો પૈકીનો એક બનાવ દાહોદ તાલુકાના જાલત ગામે આવેલી હોટલની પાસે ઈન્દોર-અમદાવાદ હાઈવે પર વહેલી સવારના સાડા છ વાગ્યાના સુમારે બનવા પામ્યો હતો. જેમાં પૂરપાટ દોડી આવતું અજાણ્યું વાહન રોડની સાઈડમાં પગપાળા જઈ રહેલા દાણીયાથી ગામના ગામ તળીયામાં રહેતા કનુભાઈ બચુભાઈ મિનામાંને જોરથી ટક્કર મારી નાંસી જતા કનુભાઈ બચુભાઈ મિનામાંને માથાના તથા શરીરે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેનું સ્થળ પર જ કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું.

જ્યારે બીજો બનાવ લીમખેડા તાલુકાના દાભડા ગામે ઈન્દોર અમદાવાદ હાઈવે પર મોડી રાતના સવા વાગ્યાના સુમારે બનવા પામ્યો હતો. જેમાં પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના બાદી ગામના કુવાબાબુ ફળિયાના શૈલેષ ભાઈ બળવંત ભાઈ પરમાર પોતાની જીજે ૦૬ બીઆર ૧૯૧૭ નંબરની આઈસર ગાડી લઈને જઈ રહ્યા હતા.

તે દરમિયાન આગળ પુરપાટ દોડી જતી જીજે ૩૧ ટી ૮૫૮૩ નંબરની ટ્રકના ચાલકે અચાનક બ્રેક મારતાં પાછળ આવતી શૈલેષભાઈ પરમારની આઈસર ગાડી આગળ જતી ટ્રકના પાછળના ભાગે ધડાકાભેર અથડાતા આઈસર ગાડીની ફ્રન્ટ સાઈડ કેબિનમાં બેઠેલા પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના ખાંડીયા ગામના પીપળા ફળિયામાં બાજી ચોકડી પાસે રહેતા ૧૭ વર્ષીય સંજયકુમાર રાયમલસિંહ પરમારને શરીરે નાની મોટી ગંભીર ઈજાઓ થતાં તેનું સ્થળ પર જ અરેરાટી ભર્યું મોત નીપજ્યું હતું. પોલીસે બંને બનાવોમાં કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### કાલોલની શાળાઓમાં નવા શૈક્ષણિક સત્રનો ઉત્સાહભેર પ્રારંભ

## લાંબા વેકેશન બાદ શાળાઓ ખૂલતાં જ બાળકોના કિલકિલાટથી કેમ્પસ ગુંજી ઉઠ્યા



(પ્રતિનિધિ) કાલોલ, તા.8

સમગ્ર ગુજરાત રાજ્યની સાથે કાલોલ શહેરમાં પણ આજથી ઉનાળુ વેકેશનની સત્તાવાર સમાપ્તિ થઈ છે. વેકેશન પૂરું થતાં જ આજ રોજથી નવા શૈક્ષણિક વર્ષના પ્રથમ સત્રનો ખૂબ જ મંગલમય અને ઉત્સાહભેર પ્રારંભ થયો છે. લાંબા સમયના વિરામ બાદ આજે વહેલી સવારથી જ કાલોલના માર્ગો શાળાના ગણવેશમાં સજ્જ વિદ્યાર્થીઓથી ઉભરાતા જોવા મળ્યા હતા. નવા શૈક્ષણિક સત્રના પ્રથમ દિવસે કાલોલ કેળવણી પ્રચારક મંડળ દ્વારા સંચાલીત કાલોલની પ્રતિષ્ઠિત શિક્ષણ સંસ્થાઓ એવી ધી એમ.જી.એસ. હાઈસ્કૂલ તેમજ સી.બી. ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે વિદ્યાર્થીઓનો અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. શાળા પરિવાર દ્વારા નવા સત્રના પ્રથમ દિવસે શાળામાં પગ મૂકતા વિદ્યાર્થીઓનું કુમકુમ તિલક અને પુષ્પગુચ્છ આપીને પરંપરાગત શૈલીમાં ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. પ્રથમ દિવસે જ વિદ્યાર્થીઓએ પોતાના નવા વર્ગખંડોમાં સ્થાન ગ્રહણ કર્યું હતું અને પદ્ધતિસર શિક્ષણ કાર્યની શરૂઆત કરી દેવામાં આવી હતી. છેલ્લા એક મહિનાથી પણ વધુ સમયથી શાંત અને સુમસામ ભાસતા શાળાના કેમ્પસો આજે સવારથી જ બાળકોના કલરવ અને નિર્દોષ કિલકારીઓથી પુનઃ જીવંત બની ઉઠ્યા હતા. પ્રથમ દિવસે વિદ્યાર્થીઓમાં નવું વર્ષ, નવો વર્ગખંડ, નવા પુસ્તકો અને ખાસ કરીને પોતાના જૂના મિત્રોને મળવાનો એક અદભુત આનંદ અને ઉત્સાહ સાફ વર્તાતો હતો. પ્રાર્થના સભામાં પણ વિદ્યાર્થીઓની શિસ્તબદ્ધ અને ભારે હાજરી જોવા મળી હતી. શાળા સંચાલકો અને આચાર્યો એ તમામ વિદ્યાર્થીઓને નવા શૈક્ષણિક વર્ષ માટે શુભકામનાઓ પાઠવી હતી અને તેઓ કારકિર્દીના ઉચ્ચ શિખરો સર કરે તેવી મનોકામના વ્યક્ત કરી હતી. કાલોલ પંથકની તમામ શાળાઓમાં આજથી શૈક્ષણિક ધમધમાટ શરૂ થઈ જતાં શૈક્ષણિક આલમમાં પણ ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

### દાહોદ જિલ્લામાં જુદી જુદી જગ્યાએ અકસ્માત મોતના બનેલા ચાર બનાવો

## ધાનપુરના ઉડાર ગામના એક જ પરિવારની બે સગીરાનો એક સાથે ફાંસો ખાઈ આપઘાત

પોલીસે અકસ્માત મોતના ગુનાના કાગળિયા કરી વધુ કાર્યવાહી હાથ ધરી

(પ્રતિનિધિ) દાહોદ, તા.8

દાહોદ જિલ્લામાં બનેલા અકસ્માત મોતના ચાર બનાવો પૈકીનો એક બનાવ ધાનપુર તાલુકાના ઉડાર ગામે બનવા પામ્યો હતો. ઉડાર ગામના આમલી ફળિયામાં રહેતા નરવતભાઈ દીપસિંગભાઈ મોહનિયા ના દીકરા ની દીકરી ૧૬ વર્ષીય નીતાબેન લક્ષ્મણભાઈ નરવતભાઈ મોહનિયા તથા તેના ભાઈની દીકરી ૧૭ વર્ષીય ચંદ્રિકાબેન નારસિંગભાઈ દીપસિંગભાઈ મોહનિયાએ બપોરના બાર વાગ્યા સુધીના સમયગાળા દરમિયાન કોઈપણ વખતે કોઈ અગમ્ય કારણોસર તેમના ગામના મોરીલા ડુંગરમાં બાવળના ઝાડની ડાળીએ ઓઢણી વડે ગાળીયો બનાવી ગળે ફાંસો ખાઈ જીવતર ટુંકાવી લીધું હતું. અકસ્માત મોતનો બીજો બનાવ દેવગઢબારિયા તાલુકાના નાના કેલીયા ગામે બે ફળિયામાં બનવા પામ્યો હતો. જેમાં નાના કેલીયા ગામના બે ફળિયામાં રહેતા ૨૮ વર્ષીય અલ્કેશભાઈ બળવંતભાઈ પટેલે કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા ગટગટાવી ઝેરના પારખા કર્યા હતા. જેમાં તેમનું સારવાર દરમિયાન દેવગઢબારિયા સરકારી દવાખાનામાં મોત નીપજ્યું હતું. . અકસ્માત મોતનો ત્રીજો બનાવ દાહોદ તાલુકાના આગવાડા ગામે કાણીયાકુવા ફળિયામાં બનવા પામ્યો હતો. જેમાં આગવાડા ગામના કાણીયાકુવા ફળિયામાં રહેતા ૨૭ વર્ષીય રવિન્દ્રભાઈ તેરુભાઈ બાભોર તથા તેની પત્ની ૨૮ વર્ષીય દુર્ગાબેન રવિન્દ્રભાઈ બાભોર એમ બંને જણા ગત તારીખ ૩-૯-૨૦૨ ના રોજ રાત્રિના સમયે પોતાના ઘરમાં સુતા હતા તે દરમિયાન મોડી રાતના સાડા ત્રણ વાગ્યાના સુમારે દુર્ગાબેન રવિન્દ્રભાઈ બાભોરના જમણા પગની ઘૂંટી પર કાળોતરો કરડી જતા કાળોતરાનું કાતીલ ઝેર ધીરે ધીરે દુર્ગાબેનના આખા શરીરમાં પ્રસરી જવા પામ્યું હતું જેના કારણે દુર્ગા બેનને સારવાર માટે દવાખાને લઈ જતી વખતે રસ્તામાં જ દુર્ગાબેનનું મોત નીપજ્યું હતું. જ્યારે જિલ્લામાં અકસ્માત મોતના ચોથા બનાવમાં દાહોદના રામાનંદ પાર્ક આગળ આવેલ ખેતરમાં કુવામાંથી એક અજાણ્યા ઈસમની લાશ મળી આવતા દાહોદ એ ડિવિઝન પોલીસે અકસ્માત મોતના ગુનાના કાગળિયા કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.